# બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :



# સુંદર પણ મૂર્ખ રાજા


લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Janie Forest

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

અનુકૂલન : Lyn Doerksen



60 વાર્તા 18

**www.M1914.org**

***Bible for Children,*** *PO Box 3, Winnipeg, MB R3C 2G1 Canada*



પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.


ગુજરાતી

Gujarati

હવે શમુએલ જે ઈસ્રાએલી લોકોનો ન્યાયાધિશ અને આગેવાન હતો. તે વૃદ્ધ થઈ ગયો હતો. તેણે તેના દીકરાઓનો ન્યાય કરવા માટે ઠરાવ્યા, જેથી તેઓ ઈશ્વરની સેવા કરી શકે. તેઓએ પૈસા પર પ્રેમ કર્યો અને પોતાના અધિકારનો અપ્રમાણિક પણે ઉપયોગ કર્યો.



1

તેના પુત્રોની ભૂંડાઈને કારણે ઈસ્રાએલી લોકો ઘણા હેવાન થયા. કોર્ટ પણ અયોગ્ય રીતે કામ કરી રહી હતી. જ્યારે લોકોને શમુએલના દીકરાઓની મદદની જરુર પડતી ત્યારે તેઓએ નાણાં ચુકવવા પડતાં.



2


કાંઈક તો કરવું જોઈતું હતું. એક દિવસે, ઈસ્રાએલના વડીલો ભેગા થયા અને શમુએલની મદદ માગી.
3
“અમને રાજા આપ જેથી તેઓ અમારો ન્યાય કરે.” વડીલોએ માંગણી કરી. તેઓ શમુએલના ભૂંડા દીકરાઓ તેમનો ન્યાય કરે તેવું તેઓ ઈચ્છતા ન હતા. બીજા રાજ્યોની જેમ તેમણે પણ રાજાની માંગણી કરી.
4
શમુએલ ગુસ્સે થયો. ઈસ્રાએલ પાસે રાજા તો છે જ! ઈશ્વર જે સર્વશક્તિમાન અનંતકાળીક, ઈસ્રાએલ પર રાજ્ય કરતો હતો. જેણે તેમને ઘણા વર્ષો પહેલા મિસરની ગુલામી છોડાવ્યા હતા, જેણે લાલ સમુદ્રના બે ભાગ કરીને તેને બચાવી લીધા હતા.
5
ત્યારે તેણે ઈસ્રાએલને સુંદર ભૂમિ પણ પૂરી પાડી હતી.
6
જ્યારે શમૂએલે પ્રાર્થના કરી ત્યારે ઈશ્વરે તેને કહ્યું કે, “તેઓએ તને નહીં, પણ મને નકાર્યો છે, કે જેથી હું તેમની ઉપર રાજ ન કરું. તેઓએ બીજા દેવો બનાવ્યા છે. તેઓનું સાંભળીને તું તેમને રાજા ચૂંટી આપ.”
7
ઈશ્વરે શમૂએલને કહ્યું કે લોકોને ચેતવણી આપ કેમકે આ રાજા કર ઉઘરાવશે, તે પોતાની જાતને તથા તેમના મિત્રઓને જ મદદ કરશે અને તમારી દ્રાક્ષાવાડીઓ લઈ લેશે. તમારા દીકાઓને લશ્કરમાં સામેલ કરશે, અને તમારી દીકરીઓ પાસે પણ કામ કરાવશે.
8


રાજવી દ્રાક્ષાવાડી
લોકો ગમે તે થાય પણ તેમને રાજા જોઈતો હતો.
બહાર રાખો
9


ઈશ્વરે શમૂએલને દોરવણી આપી જેથી તે એક સુંદર શરમાળ, અને ઊંચો કારણ કે તેનું માથુ દરેકના માથા કરતાં ઊંચુ હતું. જેનુ નામ શાઉલ હતું. જ્યારે શમૂએલે શાઉલને જોયો ત્યારે ઈશ્વરે તેને પ્રેરણા આપી કે “આ મારા લોક પર રાજ્ય કરશે.”
10


શમૂએલે ઈશ્વરને આધિન થઈને શાઉલને ઈસ્રાએલનો રાજા થવા માટે અભિષિક્ત કર્યો. જ્યારે તે રાજાને લઈને લોકો પાસે આવીને તેને રજૂ કર્યો ત્યારે લોકોએ બૂમ પાડી કે, “રાજાનું આયુષ્ય ઘણું લાંબુ થાઓ.”
11


થોડા જ સમયમાં શાઉલ રાજાની ચકાસણી થઈ. આમોનીઓ, જેઓ ઈસ્રાએલીઓને ધિક્કારતા હતા તેઓ ઈસ્રાએલી શહેરોને ઘેરી લીધું અને તેમને ધમકાવ્યા કે તેઓ દરેક માણસની જમણી આંખ કાઢી લેશે. આ ધમકીના સમાચારા શાઉલ રાજા પાસે પહોંચ્યા તેણે
લશ્કર તૈયાર કર્યું.
12


જ્યારે બે સૈન્યોનો સામનો થયો ત્યારે શાઉલે આમોનીઓનો નાશ કરીને શહેરને બચાવી લીધું. શાઉલ રાજાએ ઈશ્વરનો મહિમા કર્યો અને કહ્યું કે, “…આજે ઈશ્વરે ઈસ્રાએલમાં પોતાનું તારણ દેખાડી આપ્યું છે.”
13


ઈશ્વરે તે દિવસે શાઉલને મોટો વિજય અપાવ્યો. પણ શાઉલે હંમેશા ઈશ્વરને માન આપ્યું નહીં. એક દિવસે પલિસ્તીઓ સાથે લડાઈ કર્યા પહેલા શાઉલે ઈશ્વરને બલિદાન ચઢાવ્યું. તેને ખબર હતી કે તે શમુએલનું કાર્ય હતું. તેને ખબર હતી કે ઈશ્વર ઈચ્છે છે કે શમુએલ ન આવે ત્યાં સુધી તેણે રાહ જોવાની હતી. પણ શાઉલે ઈશ્વરની આજ્ઞાને અવગણી.
14













સુંદર પણ મૂર્ખ રાજા

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

૧ શમૂએલ ૮-૧૬

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબતો કરી છે, જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મોત છે.

ઈશ્વર આપણને પ્રેમ કરે છે, તેમણે તેના પુત્ર ઈસુને વધસ્તંભ પર મૃત્યુ પામવા મોકલી આપ્યા જેથી આપણા પાપની શિક્ષાનું દેવું ચૂકવી શકે. ત્યારબાદ તેઓ મૃત્યુમાંથી ઉઠીને સ્વર્ગમાં ગયા છે, હવે ઈશ્વર આપણા પાપ માફ કરી શકે છે.

જો તમે તમારા પાપથી પાછા ફરવા માંગતા હોય તો ઈશ્વરને કહો કે : વ્હાલા ઈશ્વર હું માનું છું કે ઈસુ મારા માટે મરી ગયા છે અને ફરી જીવતા થયેલા છે. કૃપા કરીને મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો, જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને જેથી તમારી સાથે સદાકાળ જીવી શકું. તમારો બાળક બનવા મારી મદદ કરો. આમીન. યોહાન ૩:૧૬

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો.